સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સત્ય ને તાટસ્થ્ય સાથે ત્રેવીસ વર્ષ થઈ ગયાં !
'સુપ્રભાતમ્' - કિરણોને ત્રેવીસ વર્ષ થઈ ગયાં...
ભીનાં થઈ ગયાં હૃદય-નેત્ર સૌના આવકારે -
સ્નેહે સલામી ભરતાં, ત્રેવીસ વર્ષ થઈ ગયાં...
('સુપ્રભાતમ્' ને ચોવીસમું બેઠું)

હાઈકુ

હૃદયપૂર્વક -
શ્રી સુજ્ઞ વાચકોનો -
ખૂબ આભાર...

બ્યાસીની વયે -
દિસે ધૂમ્મસ જેવું -
ઉગે પ્રભાત...

ચિંતન

સ્નિગ્ધ દીપ શિખાલોક વિલોલિત વોલોચનઃ ।
મૃત્યુ મૃચ્છિત સંમોહાત્પંગઃ સહસા પતન્ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત રત્નાવલીમાંથી લેવામાં આવેલ છે.

તેલ યુક્ત દીપશિખાનો પ્રકાશ જોઈ ચંચલ નેત્રધારી પતંગિયું દીવાના રૂપમાં મોહિત થઈ પ્રકાશ પર પડતું મૂકી પોતાના મૃત્યુનું જ કારણ બને છે.

'શમા પરવાના' રૂપક વ્યવહાર જગતમાં આપણે બરાબર સમજીએ છીએ.

આજના યુગમાં મીઠી જીભથી છેતરાયાના અનેક કિસ્સા આપણે વાંચીએ - સાંભળીએ છીએ. સોનાના દાગીના ધોઈ આપનાર ગૃહિણીઓને જે રીતે નવડાવી જાય છે. લાખના નવી નોટોમાં બે લાખ કરી આપનાર, સસ્તામાં સોનું આપનારા આવા જ પ્રકાશિય દીવડા છે. અને લોભ-મોહમાં ફસાતાં પતંગિયા પછી તે યુવાન હોય, ગૃહિણી હોય કે લોભી વેપારી હોય - રાતે પાણી એ રડવા સિવાય કંઈ જ હાથમાં આવતું નથી.

આજકાલ સિનેમા - ટીવીમાં કલાકાર થવા માટે આવા પ્રસિદ્ધિનાં કોડિયા પર ફૂદી પડતાં કેટલાંક યુવાન પતંગિયા પતનની આગમાં પોતાની જાતને પધરાવી મૃત્યુને શરણ થાય છે.

સુવિચાર

- માનવીનાં શરીર, મન અને હૃદયનો સુમેળ ભર્યો વિકાસ એ જ કેળવણીનું સાચું લક્ષ્ય છે - **રમણ વકીલ**
- વિશ્વવિદ્યાલયની સફળતા-નિષ્ફળતાનો આધાર અધ્યાપકો ઉપર છે, તેઓ જ વિશ્વવિદ્યાલયના મગજને સ્થાને છે - **હરસિદ્ધભાઈ દિવેટિયા**
- કેટલાક મહાન જન્મે છે, કેટલાક મહાનતા હાંસલ કરે છે, અને કેટલા ઉપર મહાનતા ઠોકી બેસાડવામાં આવે છે - **શેક્સપિયર**
- ભલે તમે બરફ જેવા નિર્મળ અને નિષ્પાપ હોવ, છતાં નિંદાથી નહીં બચી શકો - **અખંડ આનંદ**
- માનવતામાંથી વિકાસ કોઈ પણ સંજોગોમાં ગુમાવવો જોઈએ નહીં માનવતા એક સમુદ્ર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- 'જન્મસિદ્ધ અધિકાર' ની વાત પર વિચારણા મોડી કરશો તો બહું વાંધો નહિ આવે પણ 'જન્મસિદ્ધ કર્તવ્ય'ની વિચારસરણી તો આજથી જ કરવી પડશે - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : સિંધવ મીઠું ને નવશેકા પાણીમાં ઓગાળી દસ મિનિટ તેમાં પગ બોળી રાખવાથી પગના તળીયાની બળતરામાં રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ગુરુનાનક અને એમના સાથી મરદાના જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા. એવામાં મરદાનાને ભૂખ લાગી. એમણે ગુરુને કહ્યું, 'બહુ ભૂખ લાગી છે.' નાનકે કહ્યું, 'થોડી રોટી શેકી નાખો.' મરદાનાએ કહ્યુ, 'ગુરુદેવ એક તો ઠંડી બહુ જ છે, કોઈ ચૂલો નથી અને કોઈ તવો પણ નથી અને પાણી પણ બહુ ઠંડુ છે.' ગુરુનાનકે નજીકના એક તળાવ પાસે ગયા. અને પાણીને જેવો સ્પર્શ કર્યો કે પાણી ઉકળવા લાગ્યું. નાનકે કહ્યું, 'લે,ભાઈ રોટી શેકી લે.' મરદાનાએ રોટલી વણીને તળાવમાં નાખી પણ લોટ ડૂબી ગયો. રોટલી શેકાઈ નહીં. મરદાના એ ગુરુને કહ્યું, 'બધો લોટ ડૂબી ગયો. હવે શું કરીશું?' ગુરુએ પૂછ્યું કે 'મરદાના, તે નામ જપીને રોટી શેકી હતી?' મરદાનાએ કહ્યું, 'મહારાજ ભૂલ થઈ ગઈ.' ગુરુએ કહ્યું, 'જાઓ અને હવે નામ જપ અને રોટી શકે.' ગુરુનો આદેશ માનીને મરદાનાએ નામ જપીને પાણીમાં રોટલી મૂકી. અને ચમત્કાર થયો. રોટલીઓ શેકાઈ પણ ગઈ અને પહેલાની ડૂબી ગયેલી રોટલી પણ ઉપર આવી ગઈ.' આ ચમત્કાર જોઈ મરદાનાએ ગુરુને કહ્યું, 'ગુરુદેવ, આ કેવો ચમત્કાર છે?' ગુરુએ કહ્યું, 'નામમાં એવી શક્તિ છે, કે જેને દિલથી જપનાર ભવસાગર પાર થઈ જાય છે. અને પોતાની આસપાસના વાતાવરણને પણ તારી દે છે.' આ તળાવ હજી આજે પણ એવું જ છે કે જયાં બરફનું ઠંડુ પાણી આ જગ્યાએ આવી ગરમ ઉકળતું થઈ જાય છે. આ જગ્યાનું નામ મણિકરણ સાહેબ.

મોદી-પવારની જડબેસલાક પાવરગેમ

તંત્રીસ્થાનેથી...

શિવસેનાનું વહાણ છેક કિનારે આવીને ડૂબ્યું છે. એક તરફ ત્રણે પાર્ટીઓ - શિવસેના, રાષ્ટ્રવાદી કોંગ્રેસ અને કોંગ્રેસ પોતાના ભાવિ - સંભવિત સરકારની ફોર્મ્યુલા રચવામાં મશગૂલ હતી અને પવાર તો ઉદ્ધવ ઠાકરેને મુખ્યમંત્રી તરીકે જાહેર પણ કરી ચૂક્યા હતા ત્યારે બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની 'પાવર' ફોર્મ્યુલા આકાર લઈ રહી હતી. રાતોરાત ચિત્ર બદલાઈ ગયું અને ત્રણે પાર્ટીઓ એમના નવા રાજકીય ગઠબંધનની રૂપરેખા જાહેર કરે એ પહેલાં મુંબઈના રાજભવન ખાતે ભાજપ-એનસીપીની ગઠબંધન સરકારની સોગંધવિધિ પણ થઈ ગઈ ! આનું નામ તે રાજકારણ, જેમાં નૈતિક મૂલ્યો કે એકબીજાને આપેલાં વચનોની કોઈ જ કિંમત નથી હોતી. શિવસેનાના વાઘને મહારાષ્ટ્રનું સિંહાસન ખપતું હતું. એણે ભાજપ સાથે સંયુક્ત રીતે ચૂંટણી લડીને રાજયમાં બીજા નંબરની પાર્ટી તરીકે પોતાની પ્રતિષ્ઠા પણ જમાવી હતી. પરંતુ પચાસ પચાસ ટકાવાળી સત્તાની ભાગબટાઈનો શિવસેનાનો આગ્રહ ભાજપના હાઈકમાંડને મંજૂર ન હતો. આ મુદ્દે સંજય રાઉટ જેવા બટકબોલા નેતાએ વારંવાર ભાજપની કડક ટીકા કરી હતી અને સિદ્ધાંત વિરુદ્ધના ગઠબંધન મારફત શિવસેના સુપ્રીમોએ મુખ્યમંત્રી બનાવવાનો માર્ગ મોકળો કરી આપ્યો હતો. સંજય રાઉતે જ શરદ પવારની વડાપ્રધાન મોદી સાથેની મુલાકાત સંદર્ભે ઊભા થયેલા તર્કવિતર્કનો રદિયો આપતાં ભાજપના નેતાઓને ટોણો માર્યો હતો કે પવાર સાહેબને સમજતાં સો જનમ પણ ઓછા પડશે! પવાર ઉપરનો ભરોસો શિવસેનાને ભારે પડી ગયો છે. સોનિયા ગાંધી પણ પવારની આવી રાજનીતિથી ભોળવાઈ ગયાં અને પ્રજા સમક્ષ, સવિશેષ કોંગ્રેસની કહેવાતી લઘુમતી વોટબેંક સમક્ષ ભોંઠા પડ્યાં છે. એમને અહમદનગરના મુસ્લિમ આગેવાનોએ શિવસેના જેવા કટ્ટર હિંદુત્વવાદી પક્ષ સાથે નહીં બેસવાની કાકલૂદી કરેલી, જે એમણે ભાજપને મહારાષ્ટ્ર જેવા અગત્યના રાજયમાં ભાજપને સત્તાથી દૂર રાખવાની લાલચમાં ફગાવી દીધી હતી. પવાર અને મોદી વચ્ચેની ખાનગી મુલાકાત અને ગૃહમાં મોદી દ્વારા એનસીપીના સાંસદોની પ્રશંસા સૂચક ઘટનાઓ હતી પરંતુ એના અર્થસંકેતો સમજવામાં કાચા પડેલા કોંગ્રેસી નેતાઓ અને સત્તાની સંભાવના નિહાળી રહેલા શિવસેનાના આગેવાનો તો બધાને અનુકૂલ એવી સર્વમાન્ય કૉમન મિનિમમ પ્રોગ્રામની રચનામાં જ મશગૂલ રહ્ય. પવાર બધું જાણતા હોવા છતાં આવી બેઠકો કરતા-કરાવતા રહ્યા અને શિવસેનાના સુપ્રીમો ઉદ્ધવ ઠાકરે માટે કિંગમેકર તેમજ ટ્રબલ શૂટરની બેવડી ભૂમિકા ભજવતા રહ્યા. આ તમામ યોજનાઓને ઊંધી વાળી ભાજપ-એનસીપીની ગઠબંધન સરકાર રચવામાં વડાપ્રધાન મોદીને સફળતા સાંપડી છે તે એમની ચાણક્યબુદ્ધિનું જ્વલંત ઉદાહરણ છે. શિવેસના સત્તા માટે એની હિંદુત્વની જૂનીપુરાણી વિચારધારા છોડવા પણ તૈયાર થઈ ગઈ હતી અને ભાજપ વર્તુળોની છેલ્લી ઓફર પણ એણે બહુ જ કડક શબ્દોમાં ફગાવી દીધી હતી. આ નવી ગઠબંધન સરકાર એ કોંગ્રેસ અને શિવસેના-બેઉના ગાલ ઉપરનો સણસણતો તમાચો છે, જેના સોળ બેઉ પાર્ટીઓને વર્ષો સુધી ચચરતા રહેશે. આગામી સત્ર માટે પવારને રાષ્ટ્રપતિ પદ મળશે તો એ આ ફોર્મ્યુલાની સર્વોચ્ચ ફળશ્રુતિ હશે !

સૈનિકોને મળો, તેમના વિચારો જાણો, પ્રાત્સાહન આપો

રંગ-ઉમંગ
કાનન ઓઝા

સૈનિકો સાથેની મુલાકાત દરમિયાન સૈનિકોની આપવીતી અને તેમના વિચારોથી આપ સુધી પહોંચાડવાનો આ પ્રયત્ન છે. સૈનિકોએ જણાવેલ કે, અમો સૌ ઘરથી ઘણા દૂર હોઈએ છીએ. ઘરના સારા અને ખરાબ સમાચાર અઠવાડિયે જ મળે, અમે ઘરે અઠવાડિયે-દસ દિવસે જ ફોન કરી શકીએ છીએ પણ ઘરના સભ્યો અમને ટેલિફોન કરી શકતા નથી. કારણ કે અમે જયાં ફરજ બજાવીએ છીએ ત્યાં ટેલિફોનના ટાવર હોતા નથી. એક સૈનિકે જણાવેલ કે, ચોમાસાના કારમે મારા ત્રણે સંતાનો બિમાર પડેલ. જેની જાણ મને આઠ દિવસે થઈ, ત્યારે મારી દીકરી ખૂબ જ બિમાર હતી. નવરાશની પળોમાં કઈ બાબતના વધુ વિચારો આવે? તેના જવાબમાં જણાવેલ કે, સાહેબ આમ જોવા જઈએ તો અમે કશું જ વિચારતા નથી. દેશમાં શું ચાલી રહ્યં છે કે સરકાર શું કરી રહી છે. તેવા વિચારો બહુ ઓછા આવે છે. હા... વિચારો આવતા હોય તો ઘર-કુટુંબના વિચારો આવે છે.

તમે તમારા ઘરે જાવ ત્યારે ગામના લોકોનો પ્રતિભાવ કેવો હોય છે? એક જવાને જણાવેલ કે, ગામમાં ગાંડાની જેમ ફરીએ છી. ગામમાં પણ અમને જોઈએ તેવો આકવાર મળતો નથી. આમાં ફરજની કિંમત ગામડાના લોકો સમજતા નથી. આમ પણ થોડા સમય માટે જઈએ એટલે અમારો જ બધો જ સમય ઘરના સભ્યો અને સગાવહાલાં કે અગત્યના કામમાં જ અમારો સમય ખૂબ જ ઝડપથી પસાર થઈ જાય છે.

ઘૂસણખોરી કેવી રીતે થાય છે તેની ચર્ચામાં જવાનોએ જણાવ્યું હતું કે, કચ્છ સરહદ દેશની સુરક્ષિત અને શાંત સરહદ ગણાય છે કે, કારણ કે ભારતની સરહદ પર કચ્છનો વિસ્તાર રણ પ્રદેશ છે. સૈનિકો વોચ ટાવર પર બેસીને નજર રાખી રહ્યા હોય છે. ઉપરાંત પાકિસ્તાન તરફનો પ્રદેશ પણ રણને કે જંગલ વિસ્તારથી ભરેલું છે. આમ જોવા ઘુસણખોરી કરનાર કોઈ પણ વ્યક્તિ ઘુશી તો શકે, પણ ઘુસ્યા પછી જાય ક્યાં ? કારણ આપણી બાજુ તો રણ છે. તેની દિસા જ ન મળે, કે કઈ બાજુ જવું. ઉપરાંત સપાટ રણમાં પાણી વિના કેટલા દિવસ ચાલી શકે? ઉનાળામાં સખત ગરમીમાં કે ચોમાસાના વરસાદમાં કચ્છના રણમાં ઘુસીને આગળ વધવું ઘણું કપરું છે. આમ,સૈનિકો અને કુદરતી વાતાવરણ વચ્ચે ઘુસણખોર આગળ વધી જ ન શકે.

બોર્ડર પર જતા રસ્તામાં એક સમાધિ જોઈ. જાણવા મળ્યું કે, રોડ બંધાતો હતો ત્યારે એક ટ્રક પલટી ખાઈ ગઈ હતી. જેમાં એક જવાન અવસાન પામેલ જેવી યાદગીરીમાં સમાધિ બંધાવેલી છે. એટલું જ નહિ ભારત-પાકિસ્તાનની બોર્ડરને અડીને ૧૯૬૫ના યુદ્ધ વખતે ભારતના ૧૧ સૈનિકો શહિદ થયેલા. જેમની સમાધિ બનાવવાં આવેલ છે. આ સૈનિકોને માન આપવા માટે આજે પણ ભુલ્યા વગર પાકિસ્તાનમાં તેમને દરરોજ સવારના સમયે જમવાનું ધરાવામાં આવે છે. ભગવાનને ધરાવામાં આવતા પ્રસાદની જેમ શહિદ થયેલા ૧૧ સૈનિકોને સૌપ્રથમ ભોજન ધરાવીને પછી જ અન્ય સૈનિકો જમે છે. જે વિધિ ૧૯૬૫થી આજદીન સુધી ચાલુ જ છે. સૈનિકોની એક માન્યતા એવી પણ છે કે જો ત્યાં ભોજન ધરાવામાં ન આવે તો તેમને ગમતું હોતું નથી. તો તેમને ગમે તે રીતે અમને તેમનો પરચો બતાવીને નોંધ લેવડાવે જ છે. તમામ સૈનિકો ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાહેબની ખૂબ જ ખુશ હતા. સૈનિકોએ જણાવ્યા પ્રમાણે ગુજરાતના મુખ્યમંત્રી એ ૨૦૦૯માં અહીંની મુલાકાત લીધેલી. ત્યારે તેઓ અમને મળેલા, અમને અમારી જરૂરિયાત વિશે પૂછેલું. અમે કેટલીક જરૂરિયાત જણાવેલી તો તેઓ શ્રીએ ખાલી ઠાલા વચનો આપવાને બદલે તમારી જરૂરિયાત તાત્કાલિક પૂર્ણ કરેલી. જો કે વિજળીની સગવડ તેમજ દરેક સૈનિકના રૂમમાં ટીવી અને ચેનલ માટે સેટ-અપ બોક્સ બગડે તો ભુજમાં વગર પૈસે રીપેરીંગ કરી આપવાની સગવડ કરી આપેલ છે. સૈનિકના મતે કેટલીક જવાબદારી કેન્દ્ર સરકારની આવે છે આમ છતા ગુજરાત સરકાર અમારું વધારે ધ્યાન રાખે છે.

પાકિસ્તાન અને ભારત સરહદે પોતપોતાના વિસ્તારમાં સૈનિકો સુરક્ષા કાજે ખડે પગે તૈયાર હોય છે. બંને દેશના સૈનિકો એકબીજા સાથે વાતચીત પણ કરતાં હોય છે બંને પક્ષના સૈનિકો માને છે કે ભાઈ તમે પણ ખુશ રહો અને અમે પણ ખુશ રહીએ. ટપાલની આપલે કે અન્ય નાની મોટી સમસ્યા હોય ત્યારે તેઓ એકબીજાને મળે છે. આ માટે પાકિસ્તાન તરફથી સફેદ અને ભારત તરફથી કેસરી વાવટો ફરકાવવામાં આવે છે જે દેશના સૈનિકને બીજા દેશના સૈનિક સાથે વાતચીત કરવી હોય કે સમાચાર-ટપાલની આપ-લે કરવી હોય તે પોતાનો વાવટો ફરકાવે છે. સામેના દેશના સૈનિક પોતાનો વાવટો ફરકાવી પ્રત્યુત્તર આપે છે. પછી પહેલેથી જ દરેક વખતે માટે નક્કી કરેલ જગ્યા પર સૈનિકો મળે છે ત્યારબાદ ઉચ્ચ અધિકારી મળે છે, આમ તો દરેક દેશના ઉચ્ચ અધિકારીઓ બે-ત્રણ મહિના એકવાર મળે જ છે. ત્યારે સરહદ પર મંડપ બાંધવામાં આવે છે. ૨૦૦ જેટલા સૈન્યના મામસો સાથે જમે છે. અને બંને પક્ષના પ્રશ્નોની રજૂઆત કરી ઉકેલ મેળવે છે. બંને દેશના સૈનિકો એકબીજાના મળતા હોય કે, વાત કરતા હોય કે સામસામે પોતાના દેશની રેખવાળી કરતા હોય છતાં ત્યારે એકબીજાને નકારાત્મક દૃષ્ટિથી જોતા નથી. પણ.... હા... એકબીજા પર વિશ્વાસ પણ રાખતા નથી.

સૈનિકો કે તેમના અધિકારી સાથેની વાતચીત દરમિયાન એક નોંધ લેવાઈ કે, તેઓને

અનુસંધાન પાના નં ૭ પર

આવો, આર્થિક દૃષ્ટિએ ૨૧મી સદીને ઓળખીએ

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આજના યુગની આપણી આર્થિક વિભાવના અને પરિસ્થિતિ બન્ને જુદી જુદી રીતે બદલાઈ રહી છે. જે અગાઉના વર્ષોમાં હતું તે આજે નથી. અને જે આજે છે તે આવનારા વર્ષોમાં નહીં હોય. યુગ બહુ ઝડપથી બદલાઈ રહ્યો છે. પરંતુ આપણે તેટલી ઝડપથી બદલાઈ શકતા નથી પરિણામે સમાજ સાથે આપણે સતત સંઘર્ષ કરવો પડે છે. ખાસ કરીને જ્યારે આર્થિક બાબત આવે છે ત્યારે. કેમ કે આજે યુગ દર વર્ષે બદલાઈ જાય છે. પરંતુ આટલી ઝડપથી આપણે આપણી માનસિકતા જલદી બદલી શકતા નથી. અને પરિણામે આપણે જે સ્થિતિમાં વર્ષોથી છીએ એ જ સ્થિતિમાં રહીએ છીએ. આગળ વધી શકતા નથી. સમાજ સાથેના, બગડતી આર્થિક સ્થિતિ સાથેના સંઘર્ષની માત્રા વધતી રહે છે. અને અમુક વર્ષો પસાર થતા આપણે આપણી મધ્યમવર્ગીય પરિસ્થિતિથી ટેવાઈ જઈએ છીએ.

આજે જગત આર્થિક રીતે ખુબ જ ઝડપથી વિકસિત થઇ રહ્યું છે ત્યારે આપણો દેશ પણ પોતાની આર્થિક નીતિ બદલીને નવા નવા આવિસ્કાર કરે છે. આજે જ્યારે વિશ્વનું ગ્લોબલાઈઝેશન થઇ રહ્યું છે ત્યારે આપણે હજીએ એ જ જુની પરંપરા, જુની માન્યતા, માનસિકતા લઈને જીવીએ છીએ. જેને કારણે બદલાતા વિશ્વની સાથે આપણે આપણી આર્થિક પરિસ્થિતિનો તાલ મેળવી શકતા નથી. અનેક આર્થિક મુશ્કેલીઓનો સામનો કરતા કરતા થાકી જઈએ છીએ. જેની અસર આખા પરિવાર પર પડે છે.

થોડી સીધી વાત સમજીએ તો આજે આવકના સાધનો, પદ્ધતિ અને સ્વરૂપ બદલાયા છે, પરંતુ આપણે હજીએ એ જ દુકાનો, એ જ નાની મોટી નોકરીઓ, મજુરીઓ અને હાર્ડવર્ક કરી રહ્યા છીએ. આ ૨૧મી સદી જ્ઞાનની સદી છે. ડિગ્રીની નહીં, ડિગ્રી તમને ડેટા આપી શકે, વિશાળ માહિતી આપી શકે, જ્ઞાન નહીં. અને જ્ઞાનને ડિગ્રી સાથે કોઇ લેવા દેવા નથી. જો તમને કોઇ વિશેષ બાબતનું જ્ઞાન હોય તો એનો પ્રોફેશનલ ઉપયોગ કરીને ખૂબ સારું કમાઇ શકાય છે. અગાઉના વર્ષોમાં કરિયાણાની દુકાનો ધમધમતી હતી. એક પરિવાર એક જ દુકાને પોતાનું ઉધાર ખાતું રાખીને જીવનજરૂરિયાતની બધી જ ચીજ વસ્તુઓ લઈને મહિનાને અંતે બીલ ચૂકવવામાં આવતું. પરંતુ આજે ? સાવ નજીકના જ વિતેલા સમયમાં એસ.ટી.ડી. પીસીઓને ધૂમ હતી. ગલી ગલીએ પીસીઓ ખૂલી ગયા હતા. પરંતુ આજે ? અગાઉ કોઇ બિઝનેશ કરવો હોય તો લાખો રૂપિયા અને હાર્ડવર્ક જોઇતું હતું પરંતુ આજે કોઇ બિઝનેશ કરવા માટે નથી લાખો કરોડો રૂપિયાની જરૂર કે નથી કોઇ હાર્ડવર્કની જરૂર. આજે સ્માર્ટ વર્કથી બધુ જ શક્ય બને છે. આજે એક ક્રિએટીવ વિચાર તમને અમીર બનાવી શકે છે. એમેઝોન, ફેસબૂક, ઉબેર, ઓલાપ આના શ્રેષ્ઠ ઉદાહરણો છે. આજે ધંધાનું સ્વરૂપ બદલાયું છે અને હજી બદલાતું રહેશે. પણ આટલી ઝડપથી આપણે બદલાઇ શકતા નથી.

આ સંસારમાં એ જ વ્યક્તિ મહાન બને છે, આગળ વધે છે જે સામાજિક લીકથી અલગ ચાલે છે. પોતાનો રસ્તો નવો બનાવે છે. આ નવા રસ્તામાં યે મુશ્કેલીઓ તો આવવાની જ. પણ એ બધી મુશ્કેલીઓની સામે લડીને જે જીતે છે એ જ ઈતિહાસ રચે છે. પરંતુ આપણને આપણી જ પરિસ્થિતિએ માનસિક રીતે હરાવી દીધા છે. ખરેખર તો દરેક વ્યક્તિએ દર પાંચ વર્ષે પોતાના જીવનની આર્થિક પરિસ્થિતિનું અવલોકન કરવું જોઈએ. જો દર પાંચ વર્ષે થતી આવકમાં પચાસ ગણો વધારો નથી થતો તો સમજવું કે દુનિયા આગળ દોડી રહી છે અને આપણે પાછળ જઈ રહ્યા છીએ. જો કે આ વાત આપણને એટલે નથી સમજાતી કે આપણી જેમ હજારો, લાખો નહીં પણ કરોડો લોકો પાછળ જઈ રહ્યા હોય છે. મોટેભાગે આપણે આપણી આસપાસના વાતાવરણ જેવું જ વાતાવરણ આપણા જીવનમાં બનાવી શકીએ છીએ. તેથી જો જીવન બદલવું હોય તો હંમેશાં સફળ લોકોની વચ્ચે રહેવું જોઈએ.

આજે દેશની આર્થિક સ્થિતિ ખૂબ જ ઝડપથી બદલાઈ રહી છે. નવી નવી શોધો અને આવિષ્કારોને કારણે રૂપિયાની કિંમટ ઘટતી જાય છે. આમ છતાંય આજે સાવ ગરીબ માણસના હાથમાં પણ એન્ડ્રોઈડ મોબાઈલ હોય છે. એ પણ એક સત્ય છે. આ બદલાતી દુનિયાની સાથે આપણે પણ ઝડપથી બદલાવું જરૂરી છે. શક્ય છે કે આરંભે આપણને કેટલીક નવી શોધ કે ટેકનોલોજી કે બિઝનેશ કે સિસ્ટમ નહી સમજાય અથવા આરંભે આ બધી બાબતોથી નેગેટિવ હોઈશું પણ એટલું યાદ રાખવાનું કે કોઈપણ નવી સિસ્ટમ કે બિઝનેશ કે ટેકનોલોજીને આરંભે લોકોના સાખત વિરોધનો સામનો કરવો કરવો જ પડે છે. અને આ આરંભના વિરોધના પ્રભાવમાં મોટાભાગનો મધ્યમ વર્ગ આવી જાય છે અને એનો સ્વીકાર કરતો નથી. અને થોડા વર્ષો પછી એ સ્થાયી થતા સ્વીકારે છે ત્યારે સમય જતો રહ્યો હોય છે. અથવા વધુ સંઘર્ષ કરવો પડે છે. માટે જો ખરેખર આપણે આપણા પરિવારની આર્થિક સ્થિતિ સુધારવી છે તો કોઈક એવું સાહસ તો કરવું જ પડશે જે બીજા કરતા ગભરાય છે. આ યુગમાં ૨૫/૫૦ હજારની નોકરી માત્ર આપણો વર્તમાન સુધારી શકે છે, આપણું ભવિષ્ય નહી. કેમ કે આપણી નોકરી દ્વારા થતી આવક માત્ર વ્યક્તિલક્ષી છે. આપણને કંઈક થયું તો? પરિવારનું શું? આ ૨૧મી સદી છે. આજે હવે ધીમે ધીમે નોકરીની વિભાવના નાબૂદ થતી જાય છે. સરકારી નોકરીનો મોહ હવે ઓછો થતો જાય છે. જો આપણી પાસે કંઈક વિશેષ જ્ઞાન છે તો પ્રાઈવેટ કંપનીઓ ખૂબ સારું પેકેજ આપીને આપણને કામ પર રાખે છે. તો વળી આજે યુવાપેઢીમાં નોકરીને બદલે પોતાનો નવો બિઝનેશ શરું કરવાનો ટ્રેડ ખૂબ ઝડપથી વિકસ્યો છે. આજનો યુવાન કોઈ બંધનમાં રહેવા નથી ઈચ્છતો. એ સ્વતંત્ર રીતે કમાવા ઈચ્છે છે. અને આ માટે આજે સૌથી શ્રેષ્ઠ માધ્યમ કમ્પ્યુટર છે. આજે ઓનલાઈન ઘણું બધું થઈ શકે છે. આખી દુનિયા ખૂલ્લી પડી છે. બસ માત્ર જરુર છે થોડી વિશેષ સમજણની, જ્ઞાનની અને સાહસની. હું તો માનું છું કે આ સદી માત્ર જ્ઞાનની જ નહીં. સાહસની પણ છે. એકલું જ્ઞાન ગમે તેટલું હોય પણ જો સાહસ ના હોય તો બધુ નકામું છે. મોટી સફળતા માટે મોટું સાહસ પણ જરુરી છે. જે જે લોકોએ મોટા સાહસો કર્યા છે. તેઓ સફળ થતા પહેલા અનેકવાર અસફળ પણ થયા છે. પરંતુ આજે આવા લોકોનો ઈતિહાસ સમાજ માટે પ્રેરણાદાયી છે.

આજે આર્થિક સ્થિતિ બદલવા માટે સૌથી પહેલા આપણી જુની માનસિકતા બદલવી જરુરી છે. પછી આપણી પ્રવૃતિ બદલવી પડે અને પછી થોડું સાહસ કરીને કંઈક નવું કામ શરું કરવાની જરુર છે. આજની દુનિયામાં કમાવવાના અનેક નવા રસ્તા છે. હવે પહેલાની જેમ શારીરિક મહેનતથી નહીં પણ સ્માર્ટ મહેનતથી રૂપિયા કમાઈ શકાય છે. ફેસબૂક, વોટ્સપ પછી આપણને એમ હતું કે હવે આ અંતિમ છે. પરંતુ " ટીક ટોક " એ આવીને આખી દુનિયામાં ધૂમ મચાવી દીધી. જો આપણને લોકોની જરુરિયાતનો ખ્યાલ આવી ગયો અને એને અનુરુપ કંઈક નવો વિચાર આવ્યો અને એને અમલમાં લાવવા થોડું સાહસ કરી નાખ્યું તો આપણે પણ ઈતિહાસ બનાવી શકીએ છીએ. એમેઝોન, સ્નેપડીલ, અલીબાબા.કોમ, ઉબેર, ફેસબૂક, વૉટ્સપ, ગૂગલ, આ બધાના માલિકો પહેલા સાવ સામાન્ય લોકો જ હતા. પરંતુ દુનિયામાં કોઈ ના કરે એવું સાહસ પહેલીવાર કરીને માર્કેટમાં આવ્યા એટલે આજે દુનિયાના અમીરોમાં એમની ગણના થાય છે. આવા અનેક નામો આપણે જાણીએ છીએ.

ગુજરાતીમાં બહું જુની એક કહેવત છે "સાહસ વિના સિદ્ધિ નથી" આ બહું સાચી વાત છે. સાહસમાં જ સિદ્ધિ ને સફળતા છે. સાહસ કરવાથી બે જ પરિણામ આવવાના છે કાં સફળતા મળશે કાં અસફળતા. અને જો અસફળતા મળશે તો એમાંથી શીખીને ફરીથી કાર્યારંભ કરીને સફળ બની શકાય છે. આજે સફળ થવાના અનેક માધ્યમો આપણી આસપાસ છે. અનેક લોકો આપણી સાથે જોડાવવા તૈયાર છે, કેમ કે લોકોને તો નવું કંઈક જોઈએ જ છે.

શુભકામનાઓ : જથ્થાબંધ...વણમાંગી...નિયમિત...!

રગળપાટ
અજય ઉપાધ્યાય

'આ મેસેજને ફોરવર્ડ કરો તો સાંજ સુધીમાં સારા સમાચાર મળશે નહિતર અનિષ્ટ થશે ' નબળા હૃદયના ઉપભોક્તાઓ તો જરાયે રાહ જોયા વગર ફટાફટ ઢગલાબંધ ફોરવર્ડ મારી દેવાના..મેસેજમાં ૧૦ ને ફોરવર્ડ કરવાનું કહ્યું હશે તો ૧૦ થી વધુને ફોરવર્ડ થશે ...આમાં આપણું શું જવાનું છે હે? આવા ઘણા ધમકીભર્યા મેસેજો વાંચો ત્યાં જ જાણે એવું લાગે કે મોડી રાત્રે ન્યુઝચેનલો પર આવતા 'ક્રાઈમ એપિસોડ' નો એન્કર વોટ્સઅપના મેસેજબોક્ષમાંથી તમારી તરફ આંગળી ચીંધીને કરડાકીભર્યા ચહેરે અને ઘેઘુર આવજે એવું કહી રહ્યો છે કે ' ચૈન સે જીના હો તો ફટાફટ ફોરવર્ડ કરો '..!! પણ પછી સાંજ સુધી કે ઈવન બીજા દિવસ સુધી પણ કોઈ શુભ સમાચાર ના આવ્યા તો ? તો શું ? સાંજ પહેલા આવા બીજો મેસેજો તમારી રાહ જોતા ઈનબોક્ષમાં આવી જ પડવાના ....નવી ઘોડી નવો દાવ ...આઈ મીન ...નવું ફોરવર્ડ નવી આશા ...! મોટાભાગના આ ફોરવર્ડ કરવાનો આગ્રહ કરતા મેસેજો ધાર્મિક જ હોવાના...!!! કોઈએ સાચું જ કહ્યું છે કે હિન્દુસ્તાન ખેતીપ્રધાન દેશ ઓછો અને ધર્મપ્રધાન દેશ વધુ છે અને સોશિયલ મીડિયાના અતિરેક પછી એમ કહી શકાય કે ફોરવર્ડપ્રધાન દેશ વધુ છે ...! માન્યામાં ના આવતું હોય તો લગીર તમારું જ વોટ્સઅપ કે બીજા કોઈ સોશિયલ મીડિયા એપ ખોલી લેવાના .....ધન્ય થઈ જશો પ્રભુ ..!!!

નવાઝુદ્દીન ભલે ને કહેતો કે ' કભી કભી લગતા હૈ કી અપુન હી ચ ભગવાન હૈ ' પણ હકીકત એ છે કે સવાર સવારમાં તમારા ઈન્બોક્ષમાં ઠલવાતા શુભ સંદેશાઓ વાંચીને તમે ખુદ જ એવું ફિલ કરવા લાગશો કે સાલું આ મેસેજ વાચ્યો ના હોત તો આપણી સવાર ગુડ થઈ જ ના હોત..! એટલીસ્ટ તમે આવું માનો કે ના માનો પણ મોકલનાર તો અચૂક આવું માને જ કે એનો મેસેજ મળે પછી જ તમારી સવાર શુભ થવાની કે દિવસ સારો પસાર થવાનો ..!! આપણને એકવાર તો એમ થઈ જ જાય કે સાલું આજ સુધી આપણી તો એકેય સવાર શુભ થઈ જ નથી કે શું ? 'ગુડ મોર્નિંગ ' થી શરુ થઈને શાયરી ....સુવિચારો...ભગવાનના ફોટાઓ ...ઉપદેશાત્મક લાંબા લાંબા લખાણો ....રાધે-રાધે થી લઈને જેવા જેના ઈષ્ટદેવ .....હાથ જોડીને ઉભેલી મહિલાના ફોટામાં સુવાક્યો ....ફૂલ-પત્તાની ડાળીઓની ડીઝાઈનમાં શુભકામનાઓ ....આહાહા તમે જુઓ તો સવાર સવારમાં એપનું સર્વર ઠપ્પ થઈ જાય એવા એવા અને એટલા બધા મેસેજોની કતાર તમે ઉઠો ત્યાં સુધીમાં તો તમારા મેસેજબોક્ષમાં તમારી સવાર પડવાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હોય છે ..!!

તમારી ફોનમેમરીનું વન ટુ કા ફોર કરી નાખનાર આ મેસેજો વાંચ્યા પછી કે ના વાંચ્યા પછી તમારી સવાર ક